# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

**અંક:** ૧૦

**તારીખ:** ૨૬ માર્ચ, ૨૦૧૦

રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ..... 2
સાહિત્ય સરિતાની બેઠક ફેબ્રુઆરી ૨૧,૨૦૧૦ (બેઠક ક્રમાંક ૧૦૨) ..... 3
લાકડીની ઓળખ ..... 6
બરફના ફૂલ - સરયૂ પરીખ ..... 7
આક્રમણ-પ્રવિણા કડકીયા ..... 8
વહી જાયે ઉતાર બધા-વિજય શાહ ..... 9
સીંગાપોરની લીલોતરી-દેવિકા ધ્રુવ ..... 10
સાર્થકતા-ડો. ઈન્દુ શાહ ..... 11
એક તાનકા ..... 11
પરદેશી- શૈલા મુન્શા ..... 12
વેલેનટાઈન ડે.-હેમા પટેલ ..... 13
જુઠા તર્કો મનોજ મહેતા ..... 14
દોષીત કોણ ?-વિશ્વદીપ બારડ ..... 15


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સાહિત્ય સરિતાની બેઠક ફેબ્રુઆરી ૨૧,૨૦૧૦ (બેઠક ક્રમાંક ૧૦૨)






તસ્વીર સૌજન્યઃ જયંત પટેલ

આજની બેઠક પ્રફુલ્લાબેન પટેલને ત્યાં હતી. ખૂબજ ઉત્સાહ અને પ્રેમથી સહુને આવકાર્યા. સાહિત્ય સરિતામા થોડા વખતથી આવે છે. કિંતુ તેમનો સરળ, પ્રેમાળ સ્વભાવ હ્રદયને સ્પર્શી જાય છે. સભા નો દોર ખૂબ સરસ રીતે સંભાળવામા કિરિટભાઈની ખુલ્લા દિલે હું પ્રશંશા જરૂર કરીશ. તેમની શૈલી અને છટા અનેરા  હતા. સહુએ પ્રેમની પવિત્ર ગંગાની ખુલ્લા મને મોજ માણી.

સભાની શરૂઆત પ્રવિણા કડકીયાએ તેમની મનગમતી પ્રાર્થના સાથે સહુની સંગમા કરી. પ્રફુલ્લાબહેને સહુનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સભાનો દોર કિરિટભાઈના હાથમા સોંપી મિત્રોની રજુઆત આતુરતાપૂર્વક સાંભળવામા તલ્લીન થયા.


**વિશ્વદીપભાઈઃ** તેમના પ્રેમ વિષેના કાવ્યથી શરૂઆત કરી.-

**“દીપ” છે બળીને ખાક થઈ જશે,**
**દોસ્તો વચનનો છે એ પાકો**
**કરે છે કાયમ પ્રેમનો સોદો,**

**પછી ભલેને આકાશથી અંગાર વરસતા હોય."**

**દેવિકા ધ્રુવઃ "જેની વાતો સદીઓથી ચાલી આવી છે પણ તેના શબ્દો મઢાઈ શક્યા નથી."** "કશ્મકશ" શિર્ષકવાળું ભાવ ભર્યું ક્રાન્તિકારી કાવ્યની રજુઆત કરી સહુને ખુશ કર્યા.

**રસેશ દલાલઃ** કાવ્ય નહી પણ સુંદર વાક્યોની રચના કરી નવો ચીલ ચાતર્યો.
કિરિટભાઈનું સંચાલન ખૂબ કુશળ પુરવાર થયું.
" દુશ્મનને જો મિત્ર બનાવવો હોય તો
પ્રેમ તેનું મુખ્ય હથિયાર છે. " **જયંત પાઠક**
એક એવી પ્રીત અમે કીધી કે
એકજ ઘુંટમા આખી પ્યાલી પીધી." **બેફામ**
ગમેતે માર્ગ લંઉ મંઝિલ મને ચોપાસ લાગે છે.
તમે જો સાથ હો ત્યારે એવું તો પાસ લાગે છે."**પ્રહ્લાદ પારેખ**
' એક છોકરી કોરી ગઈ અંતર માંહી દેરી.———
આવા આવા તો અનેક ઉદાહરણો પુરા પાડી વાતાવરણ રંગીન બનાવવામાં સફળતાને વર્યા.



**પ્રવિણા કડકિયાઃ** "પ્રેમ છે જીવનનો મર્મ
પ્રેમ છે જીવનનો ધર્મ" કહી અંતરના ભાવ ઠાલવ્યા.

વિજયભાઈ શાહનું અમેરિકન પબ્લીશીન્ગ હાઉસ **ઓથર હાઉસ** દ્વારા પ્રથમ ગુજરાતી પુસ્તક **"નિવૃત્તિની પ્રવૃત્તિ"** અમેરિકામા પ્રસિધ્ધ થયું તેનું સઘળા મિત્રોએ અવલોકન કર્યું અને વખાણ્યું . સાહિત્ય સરિતા તરફથી વિજયભાઈ શાહને હાર્દિક અભિનંદન.

**શૈલા મુન્શાઃ** પોતાની સુંદર રજુઆત કરી નાનીમા બન્યાની ખુશી પ્રગટ કરી. પ્રશાંત મુન્શા અને શૈલા મુન્શાને નાના તથા નાની બન્યાના અભિનંદન ! તેમને ત્યાં દિકરીને દીકરી અવતરી છે.
પ્રેમ કાંઈ ત્રાજવે તોળાતો નથી.'
નાનકડી પરી આવી જીવનમા
પ્રેમની પરિભાષા બદલાઈ ગઈ.'

**ધીરૂભાઈ શાહઃ**
' પ્રેમ ત્યાં શાંતિ,

પ્રેમ બજારમાં મળતો નથી, પ્રેમ સહજ અને સ્વાભાવિક છે.
' હવા , પાણી અને ખોરાકની જેમ પ્રેમ જીવનની જરૂરિયાત છે. '
ધીર -ગંભીરતાથી તેમની થયેલી રજુઆત હ્રદયસ્પર્શી નિવડી.

**અશોક પટેલઃ**
' મનોહર પ્રેમની સીડી જરા છે સાંકડી જોજો
તમે જો ના ચડ્યા હો તો જરા જઈને ચડી જોજો
જરા ચતુરાઈથી ચડતા પડ્યા જે પ્રેમથી પોતે
તમે જો ના પડ્યા હો તો જરા જઈને પડી જોજો'
'લગ્ન એ પ્રેમનો અંજામ છે મુકામ નથી.'
'તું ફૂલ બન હું સુગંધ બનું.'

**સુરેશ બક્ષીઃ**
' તમે ના હો તો કેવુ સારુ લાગે છે,
ઘર આખું મારું લગે છે.'
સુંદર ગીત દ્વારા સહુને ડોલાવ્યા આપણા સુરેશભાઈએ.
પ્રેમમા પ્રેમી કહે છે
" આપણે જાણતા નથી એક બીજાનું નામ
ત્યાં આપણી વાત કરે છે આખું ગામ'
કટલાય સુંદર ઉદાહરણો કિરિટભાઈ પિરસતા ગયા.
સહુ પ્રેમના રંગે રંગાયા. દરેક જણે પોતાના ભાવ અભિવ્યક્ત કર્યા.

**દિપક ભટ્ટઃ** "રાણકદેવી અને રાખેંગાર, કૃષ્ણ દ્વારા અર્જુન અને સુભદ્રા હરણ" જેવા દષ્ટાંતો સહુએ એક ચિત્તે સાંભળ્યા.

**ડો. ઈન્દુબહેન શાહે** તો પ્રેમને નિરખવાનો દૃષ્ટિકોણ જ બદલ્યો.



**વિનોદભાઈ પટેલે** 'પ્રેમ' ઉપર સુંદર ચિત્ર રજુ કર્યુ હતું. ઋતુ પ્રમાણે ના રંગો દ્વારા સુંદર અભિવ્યક્તિ કરી હતી.

**નવા સભ્યોને પ્રેમથી આવકારીએ.**

. રસિકભાઈ અને નીલાબહેન શાહ ૨.અશોકભાઈ અને મૈથલી શાહ, ૩.જવાહર અને શીલબહેન ગાંધી.

.

જૂના સભ્યો નવા વર્ષના સભ્ય પદનું લવાજમ ભરે તેવી વિનંતિ. જેમણે ભર્યા તેમનો આભાર. સહુની હાજરી દ્વારા સભા સોહી ઉઠી અને પ્રફુલ્લાબહેન તથા તેમ્ની પુત્રવધુ અનિતાની પરોણાગતિ માણી રહી. અશોક્ભાઈએ આભાર વિધિ કરી બેઠક દરખાસ્ત કરી. સહુ નાસ્તાપાણીને ન્યાય આપવામાં મશગુલ થયા. બસ તો હું વિરમું છું. (૧૦૨ બેઠક)

**અહેવાલઃ પ્રવિણા કડકીયા**

# લાકડીની ઓળખ

તાઃ૧૪/૩/૨૦૧૦ પ્રદીપ બ્રહ્મભટ્ટ

મળે માનવદેહ જગતપર,મળે અનેક જીવને સોપાન
કુદરતની છે કૃપાનિરાળી,જે જીવના વર્તનથી દેખાય
…………મળે માનવદેહ જગત પર.
આગળ ચાલે છાતી કાઢી,ના જુએ કદી એ આજુબાજુ
સમયને પારખી નાચાલતા,વાગીજાય જીવનમાંવાજુ
અહંમ આબરૂ દુર જ ભાગે,જ્યાં પડી જાય લાકડી બૈડે
સમજ ત્યાં દોડી આવે દેહે,જે સમજ થી સઘળુ દઇ દે
………..મળે માનવદેહ જગત પર.
ઉંમરના બંધન તો સૌને,ના છટકીશકે કોઇ મળેલ દેહે
આજકાલની ગણતરીસાથે,માનવઉજ્વળ જીવનતરસે
મલી જાય જ્યાં ટેકો લાકડીનો,દેહે પગલાં મંડાઇ જાય
મળી જાય મનને શાંન્તિ ત્યાં,લાગે પ્રભુ કૃપાછે વરસે
………..મળે માનવદેહ જગત પર.

# બરફના ફૂલ - સરયૂ પરીખ

હિમના હળવા ખરતાં ફૂલ

એ શ્વેત સુંવાળા ચમકે
તરૂવર આધારે જઈ અટકે
એના પળપળ અશ્રૂ ટપકે
હિમના હળવા ખરતા ફૂલ

નીરવ નિર્મળ ઉરે ઉસૂલ
નહીં રે રંગ રંગીલી ઝૂલ
વળગે ના વ્હાલપની ધૂલ
હિમના હળવા ખરતા ફૂલ
ગુનગુન ગુંજન નહિ કોઈ ભમરો
નીરખે નહિ રે કામણગારો
નહીં એને કરમાવાનો વારો
હિમના હળવા ખરતા ફૂલ
એને વીંજણો ઢોળી જાવ
એમાં ફોરમ ફૂંકી જાવ
એમાં ચેતન રેડી જાવ
વિસ્મિત ઠરી ગયેલા ફૂલ
વેણું વસંતની વાગી રે
પર્ણે ઉત્સુકતા જાગી રે
ડાળી ડાળી હવે હસી રે
પુલકિત સ્મિત વેરતા ફૂલ!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આક્રમણ-પ્રવિણા કડકીયા

તમને થશે કોનું? આવો ભયંકર શબ્દ વાપરવાનું પ્રયોજન શું હશે. શાંતિથી બેસો, વાંચો અને વિ્ચારો જો આમાંથી એક પણ શબ્દ ખોટો યા અયોગ્ય લાગે તો તમને ગમે તેવી સજા ભોગવવા હું તૈયાર છું. યાદ રહે વિચાર કરીને પ્રત્યુત્તર આપવાની મહેરબાની કરશો.

હું મુંબઈની રહેવાસી. મુંબઈમા જન્મી, શિક્ષણપામી, બાલ્યાવસ્થા, યુવાની પાંગરી બધું જ આ મોહમયી નગરી મુંબઈમા. પિતાજી પ્રેમ ખૂબજ આપે કિંતુ દિકરી હોવાને કારણે ધારા ધોરણ પણ ખૂબ કડક. સાંજના સાત પહેલા ઘરે આવી જવાનું. છોકરાઓ સાથે હળવા મળવાનું નહી. જોકે શાળા તેમજ કોલેજમા અભ્યાસ કર્યો જ્યાં છોકરા તથા છોકરી સાથે ભણતા હતા. ખેર વાત બહુ નહી લંબાવતા જે કહેવું છે તે મુદ્દા ઉપર આવું. લગ્ન થઈ ગયા. કનૈયાકુંવર જેવો પુત્ર અવતર્યો. ખુશીનો પાર નહી. આમદની ભલે થોડી હોય કિંતુ ખુશીને તેની સાથે કોઈ લેવાદેવા નથી. બીજા બાળકના આવવાની ઘડીઓ ગણાતી હતી ત્યાં -

ઘરમા ઢગલો પૈસા ખરચીને મહેમાન આવ્યા. આવ્યાતો એવાકે જવાનું નામ લેવાનું તો શું સીધા સુવાના રૂમમા પ્રવેશ્યા. ન કોઇ લાજ શરમ કે ન પાછા જવાનું નામ.મારી યાદ શક્તિ જો દગો ન દેતી હોય તો તે ૧૯૭૩ની સાલ હતી. પછી તો બસ ન જુએ સમય કે સ્થળ તેમનો પગ પસેરો સહુને પ્યારો લાગવા માંડ્યો. ઘરમા કોઈક વાર વાદ વિવાદ થતા હતા તે અદ્રશ્ય થવા લગ્યા. મહેમાન બોલે ત્યારે સહુ સાંભળવામા તલ્લીન.કોઈની મજાલ છે તેની સામે પોતાનું મંતવ્ય રજુ કરે. ધીરે ધીરે તેમણે પોત પ્રકાશ્યું. સમયની મર્યાદા ઓળંગી. છતાય સહુને તે મહેમાન ગમતા. અરે ઘણી વાર તો પતિ યા પત્નીને થાય કે એક બીજાને એકાંત માટે સમય જોઈએ. આ, મહેમાન સહુના પ્યારા. હવે તો તેમેણે માઝા મૂકી છે. ન જુએ સવાર કે સાંજ , ન જુએ રાત કે દિવસ. ન સમઝે પ્રસંગની ગંભીરતા યા ટાણું , કટાણુ. બસ આખ ઘરને, નાના યા મોટાને સહુને તેનું ઘેલું લાગ્યું છે. અરે મા મારી અમને જમાડવાનું ભૂલી જાય. પિતાજી મારા નોકરીએ મોડા પહોંચે. બાળકો ઘરકામ ભૂલી તેમાં મશગુલ . આજની તારિખમા એ મહેમાને લગ્ન કર્યા.

હવે તો માઝા મૂકી દીધી................

પ્રિય વાચક મિત્રો આ કેવુ મહેમનનું આક્રમણ પૂરા ઘર ઉપર છે. જો તમે મને આ મહેમાનથી છૂટકારો મેળવવામા સહાય કરશો તો હું તમારી જીવનભરની ઋણી રહીશ. મિત્રો તમારી ઈંતજારીનો અંત મારે લાવવો પડશે એવું લાગે છે. દરવાજાથી ઘરના સૂવાના ઓરડા સુધી કોઈ પણ કનડગત વગર, ઘુસી જાય અને પછી જવાનું નામ ન લે તે મહેમાનને “ટેલિવિઝન” કહીએ તો તમે જરૂરથી સંમત થશો એ વાતની મને સો ટકાની ખાત્રી છે.

હવે આ ટેલિવિઝન લગ્નની પવિત્ર ગાંઠથી બંધાયું કોની સાથે તો તેનો જવાબ સાંભળીને મોઢું મલકી જશે. હા, એસ્તો “કમ્પ્યુટર”. ચાર ફેરા ફરવાના તો બાજુએ રહ્યા વાજા પણ ન વગડાવ્યા. ઘરની વ્યક્તિની હાજરી પણ ગૌણ થઈ ગઈ. જો શ્રીમતીજી યા શ્રીમાન ટી.વી. ન જોતા હોય તો કમ્પ્યુટર પર બેઠા બેઠા કાંતો ‘ચેટ’ કરતા હોય ક્યાં ‘સર્ફીંગ’. સમાચાર યા છાપા પણ કમ્પ્યુટર પર વાંચી લેવાના.

થોડા વર્ષો પહેલાની વાત છે જો ઘરમા ગ્રામોફોન હોય તો રેકર્ડ સાંભળવાની મઝા માણતા હતા અને હવે સીધી કમ્પ્યુટરમાં ‘ડાઉનલોડ’ કરીને મોજ માણીએ છીએ. પગથિયા રમવા, કુકા રમવા,દોરડા કુદવા કે કેરમ રમવું એ બધી

ભૂતકાળની વાતો થઈ ગઈ. હવે કમ્પ્યુટર પર રમત રમવાની. ખેર, હું આ બેમાથી એકેયની વિરૂધ્ધમાં નથી માત્ર તેનો અતિશયોક્તિ ભરેલો ઉપયોગ ગેરવ્યાજબી છે. ( મારા મતે.)

લગ્ન થાય પછી આવે બાળકો તો રાહ જોજો આવતા અંકે તમને તેના પરિવારનીપહેચાન કરાવીશ. જો જવાબ સાંપડે તો મને જરૂર ઈ-મેઈલથી જણાવશો—

## વહી જાયે ઉતાર બધા-વિજય શાહ



જિંદગીની રાહ પર છે ઉતાર ચઢાવ ઘણા
માનો તો દરેક ઉતાર પર ચઢાવ છે ઘણા
દરેક ચઢાવો લાવે મનભાવન સુખો ઘણા
જે માણતા માણતા વહી જાયે ઉતાર બધા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સીંગાપોરની લીલોતરી-દેવિકા ધ્રુવ

સીંગાપોરની આ
છમછમતી લીલોતરી;
નગર-પ્રવેશ પૂર્વે જ
આવકારતી આગોતરી......
આભલેથી વર-સાદના
સમૃધ્ધ પ્રેમવારિથી,
છલકતી પ્રેયસી-શી,
ભાવી ગઇ મનને,
સીંગાપોરની આ ધરિત્રી....
જ્યાં હરિણી-શી ઉછળતી,
થનગનતી ઉછરતી,
જીગરના ટૂકડા સમી,
રક્તના વ્હેણ સમી,
દ્વય સુપૌત્રી,
સીંગાપોરની જાણે,
છમછમતી લીલોતરી....
શ્વાસમાં સોડમભરી,
મહેંકતી લીલોતરી.......

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## સાર્થકતા-ડો. ઈન્દુ શાહ

આંખ જ્યારે બોલવાનુ કામ કરે,
ઇશારાથી ઘણુ કહી જાય.
કાન સાંભળ્યુ ન સાંભળ્યુ કરે
ઘર ઘરમાં શાંતિ પ્રસરે
જીભ બોલવાનુ બંધ કરે
મૌનથી ઘણુ કહી જાય.
નાક ટેરવુ ઊંચુ ન કરે
ફક્ત સુવાસ સુંઘ્યા કરે
ઘ્રુણા પાત્ર કોઇ ન રહે.
હાથ મુંઠી ઉગામી હથિયાર હાથ ન ધરે
ફક્ત સુપાત્રે દાન દીધા કરે
સુંવાળો હાથ દુઃખી દીલે ફરતો રહે
વિશ્વ ભરમાં સુખ શાંતિનું સામ્રાજ્ય વ્યાપે.
પગ  હોટેલ જુગાર ખાને ન ફરતા,
કુદરતની કમાલ માણતા ફરે,
પ્રભુના દ્વાર ઢુંઢતા ફરે
આમ પ્રભુએ આપેલ પાચે ઇન્દ્રિયો સાર્થક થયેલ દિશે.

## એક તાનકા

કીલર 'વ્હેલે'
બદલી કરામત
પ્રેક્ષકો માટે-
ખબર નો'તી જેને
સાથીના આ અંતની!!
* ચીમન પટેલ "ચમન"
૨૮ફેબ્રુઆરી'૧૦
("સી વર્લ્ડ'ના 'ટ્રેઈનર'ના અકસ્માતના સમાચાર પરથી)
ચીમન પટેલ 'ચમન'

# પરદેશી- શૈલા મુન્શા

પરદેશી તું આવે કે ના આવે,વાટ જોઉં હું તારી.
વરસતી આ વરસાદી સાંજે, વાટ જોઉં હું તારી.
ઊગતા સૂરજની સાખે, વાટ જોઉં હું તારી.
કાના તું આવે કે ના આવે, વાટ જોઉં હું તારી.
નિસર્યો મથુરાને પંથ,ન જોયું પાછું ફરીને એકવાર.
કર્યો ઉધ્ધાર મથુરાજન નો,
કરીને વધ કંસ કેરો
છાયો ઉલ્લાસ સર્વ જનમા,
ધાયો તું પૂરવા ચીર,
બસ એક પુકારે દ્રૌપદીના.
બન્યો સારથિ અર્જુન કેરો,
કર્યો જયજયકાર ધર્મ કેરો.
સહુની ભાંગતા ભીડ, ભુલી ગયો તું જુએ કોઈ વાટ તારી,
ગોકુળને ગામ. સુણ્યા સહુ સાદ,
ના સુણાયો એક આર્તનાદ.
કાના તું આવે કે ના આવે, વાટ જોઉં હું તારી
પરદેશી તું આવે કે ના આવે.વાટ જોઉં હું તારી સદા.
(એક ગોપી નો સાદ)

શબ્દ સ્પર્ધા મા પરદેશી શબ્દ પર ત્વરિત રચાયેલી બે પંક્તિ નુ મુખડું આજે કાવ્ય રૂપે સર્જાયું.

# વેલેનટાઈન ડે.-હેમા પટેલ

વેલેનટાઈન ડે, પ્રેમ માટે મશહુર છે. આખી દુનિયા આ દિવસ ઘણીજ ખુશી અને બધા પોતાની રીતે ઉજવે છે. જેના નામ પરથી આ દિવસ ઉજવાય છે,તેમનુ નામ છે વેલેનટાઈન.ત્રીજી સદીમા રોમની અન્દર કેથોલીક ચર્ચમા તે પ્રીસ્ટ (પંડિત),સેન્ત હતા. તે વખતે રોમનો રાજા ક્લોડીયસ-૨,વિચારતો હતો લગ્ન કર્યા વિનાનો સિપાઈ સારો સિપાઈ બની શકે એટ્લે તેણે સિપાઈઓએ લગ્ન નહી કર્વાનો કાયદો બનાવ્યો છતાપણ વેલેનટાઈન છુપી રીતે પ્રેમી યુગલને લગ્ન કરાવી આપતા હતા. જ્યારે રાજાને ખબર પડી ત્યારે તેણે વેલેન્ટાઈનને ફાસીની સજા આપી.

બીજા કોઈનુ માનવુ છે કે વેલેનટાઈનને જેલમા જેલરની છોકરી સાથે પ્રેમ થયો હતો અને મર્તા પહેલાતેમણે તેમની પ્રેમિકાને પ્રેમપત્ર લખ્યો હતો અને નામ હતુ( તારા વેલેનટાઈન તરફથી )આધેડવયની ઉમરે તેમને પ્રેમ થયો હતો.તેમનુ જે વ્યક્તિત્વ હતુ તે બહુજ પ્રભાવશાળી હતુ તેને લીધે તે ઈન્ગલેન્ડ અને ફ્રાન્સમા ઘણાજ મશહુર સેન્ત હતા.

કોઈ વળી એમ માને છે, રોમન જેલમાથી કેદીઓને મુક્ત કરવામા મદદ કરતા હતા એટ્લે તેમને મારીનાખવામા આવ્યા. આમ પોતે દુનિયાને પ્રેમનો સન્દેસ આપીને ગયા અને ઈતિહાસમાં અમર બની ગયા.આજે પણ તેમની યાદમા આ દિવસ દુનિયાભરમા ઉજવાય છે.

પ્રેમ એ ભગવાને મનુશ્યને આપેલી એક અણમોલ ભેટ છે, પ્રેમ વિના જીવન અશક્ય છે.માણસનેસૌથી વધારે ભુખ પ્રેમની છે, કોઈ પણ ઉમર હોય, બાળક,યુવાન,આધેડ અને વૃધ્ધ દરેક્ને પ્રેમની જરુર છે.માણસના જીવનમા પ્રેમ હશે તો તેને જીવન એક્દમ ખુશ અને સુખી લાગશે, જીવન જીવવા જેવુ લાગશે.જીવનમા પ્રેમ નહી હોય તો જીવન નિરસ અને દુખી લાગશે.ભગવાને આપણામા જે ત્રણ ગુણો, તમોગુણ,સત્વગુણ અને રજોગુણ આપ્યા છે તેને લીધેજ આપણને બધી લાગણીનો અનુભવ થાય અને આપણેએક બીજાને પ્રેમ કરી શકીયે છીયે. પ્રેમ એટ્લો ઘહેરો વિષય છે કે જેના ઉપર આખુ પુસ્તક લખી શકાય.ભગવાને જીવન આપ્યુ , તો જીવનમાથી નફરત,ઈર્શા,વેરઝેર મુકીને,છોડીને બસ બધા માટે દિલમા પ્રેમ રાખવો જોઈએ. પ્રેમથીજ જીવેલુ જીવન ધન્ય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# જુઠા તર્કો મનોજ મહેતા

તર્કો જુઠા છે એમના એ એહવાલમાં.
ઇન્કાર ભારોભાર છે એ એકરારમાં.
આવે નહીં જો એ હવે બસ એમની મર્જી,
કરતો રહીશ હું આવવા અરજી પર અરજી,
અમને પુરો વિશ્વાસ છે મુજ એતબારમાં.
તર્કો જુઠા છે એમના.....
લૌકિક કંઇ જોઇ શકે, એવી દ્રષ્ટિ નથી,
શમણાં વગરની વાસ્તવિક એની સૃષ્ટિ નથી,
પાંખો કપાયેલી અને ઊડે વિરાનમાં.
તર્કો જુઠા છે એમના......
રાણી ભલે એ હો' ભિખારી છે પુરાણમાં,
કુંડળ કવચ માંગ્યું 'મનુજ' બસ વાત વાતમાં,
દિકરા થકી દિકરો લુંટ્યો' તો સહેજ વારમાં.
તર્કો જુઠા છે એમના......
એક સુંદર ગેય ગીતની રચના થઇ ગઇ...!
ન-કાર ભારોભાર છે...તો માફ કરશો.
છંદ બાંધણીઃ
ગાગાલગા ગાગાલગા ગાગાલગા લગા.
'મનુજ' હ્યુસ્તોનવી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# દોષીત કોણ ?-વિશ્વદીપ બારડ



'ડૉકટર મારી લાડલી દીકરીને બચાવી લ્યો. પૈસાની કોઈ ચિંતા નહી કરતાં, હું મારી જાતને વેંચી નાંખીશ પણ મારી દીકરીને બચાવો.' કિરણભાઈની આંખમાં દડ દડ આંસુ સરતા હતા. ડૉ.જેફરશન આશ્વાસન આપતાં બોલ્યા: 'મીસ્ટર પંડ્યા, હું મારાં બધાજ પ્રયાત્નો કરી રહ્યો છે. તમે પણ જાણો છો આ ખતરનાક દર્દનો અંજામ...' 'ના..ડૉકટર મારી લાડલી રુચાને બચાવી લ્યો .' કિરણભાઈની પત્નિ કૈલાશ સાડલા વડે આંસું લુછતી લુછતી કરગરી.
'મૉમ,,ડેડ અહીં આવો પ્લીઝ' રુચાએ એના રૂમની બહાર ડોકટર સાથે વાત કરતા પેરન્ટ્સને બોલાવ્યા...બન્ને ઉતાવળા રૂમમાં આવ્યા...'શું છે બેટી' Are you OK ? ( તું ઠીક છેને?)..
'યસ. મૉમ, ડેડ તમારા આંસું મારાથી નથી જોવાતા...આમાં તમારો શો દોષ છે ? મારા દર્દ માટે હું જ જવાબદાર છું. હું તમને દુ:ખી કરુ છું. તમે તો મને પ્રેમની અખૂટધારા આપી છે..લાડકોડથી ઉછેરી છે.મે તારી મમતા અને પિતાના વાત્સલ્યનો ગેરલાભ...' 'ના બેટી આવું ના બોલ.. જે ભૂલ થઈ..એ થઈ ગઈ...અમારો પણ દોષ તો ખરો જ! કુમળી વેલને જેમ ચડાવવી એમ એ ચડે! અમો પણ વધારે પડતુ...' કિરણભાઈ આગળ બોલી ના શક્યા. રુચા, માઈક એન્જલો હોસ્પિટલના એક સ્પેશીયલ રૂમ( Isolated room)માં હતી.. 'મીસ્ટર પંડ્યા, આપની મુલાકાતનો સમય પુરો થયો છે..પ્લીઝ...' હોસ્પિટલની નર્સ રૂમ દાખલ થતાં બોલી. બેટી, 'કાલે સવારે મળીએ..તારા માટે કશું લેતી આવું ?..'ઓકે..મમ્મી, તું મારા માટે ઢોકળા લેતી આવીશ ? મને તારા જ હાથના બનાવેલા ભાવે છે..'..રુચા માટે અવાર-નવાર કૈલાશ જુદી જુદી વાનગી લેતી આવે પણ રુચા ભાગ્યેજ ચાખવા જેટલું લઈ શકતી હતી. તેણીને ખાવાનું મન બહું થાય પણ ખશું ખાઈ ના શકે. તેણીનું વજન ૭૦ પાઉન્ડથી પણ ઓછું થઈ ગયું હતું..શરીર જાણે હડપીંજર!..

'મૉમ, આ ઈન્ડીયન ફુડ ખાઈ, ખાઈને હું કંટાળી ગઈ છું' મારે આજ પીઝા ખાવા છે.' બેટી, મેં આટલી મજૂરી કરી દાળ, ભાત અને ઉધીયું ને પુરી બનાવ્યા છે અને હવે..તું..' ,'કૈલાસ, રુચા માટે હું પીઝા ઓર્ડર કરી દઉં છું.'.વચ્ચેથી રુચાનો પક્ષ લેતા કિરણભાઈ બોલ્યા. 'તમે તમારી લાડકી દીકરીને બગાડો છો.' સાસરે જશે તો શું થશે તમારી લાડકીનું ? ' 'ત્યારની વાત ત્યારે.' 'થેન્ક્યું ડેડી. આઈ લવ માય ડેડ!' રુચા, તેના મા-બાપની એકની એક સંતાન હતી. એ જન્મી ત્યારે સૌ મિત્રોને ભવ્ય પાર્ટી આપી હતી . ઉપરાંત દરેક ફેમીલીને ચાંદીની ડીશ સાથે એક પાઉન્ડ મીઠાઈ! મમ્મીએ જે બનાવ્યું હોય તેના કરતાં રુચાને કંઈક જુદુ જ ખાવું હોય. કિરણભાઈની આ લાડકી દીકરીને, જો પાણી માંગે તો દૂધ મળે! કિરણભાઈને પણ લક્ષ્મીનું વરદાન હતું. એમનો કમ્પુટરનો હોલસેલ બીઝનેસ હતો. અઢળક કમાણી ને

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

એમાં એકની એક દીકરી. એમનું બે મિલિયન ડોલરનું છ બેડરૂમ નું ઘર ચીકાગોના વ્હીલીંગ એરિયામાં હતું.રુચા સોળ વરસની થઈ ત્યારે કિરણભાઈએ બ્રાન્ડ-ન્યૂ લેકસસ બર્થ-ડે ગીફટમાં ભેટમાં આપેલી.

'બેટી, can I come to your room?( હું તારા રુમમાં આવી શકું?)' ' નો, મૉમ, Wait..!(રાહ જો..).. રુચાએ અડધી કલાક પછી ફોન મૂક્યો. ' What do you wants mom?( મમ્મી, તારે શું કામ છે?)' રુચા, તાડુકી ને બોલી.. 'બેટા, તું આખો દિવસ ફોન પર રહે છે..તારે કોઈ હોમ-વર્ક નથી કરવાનું હોતું?' ' મમ્મી, તું શા માટે ચિંતા કરે છે? હું હવે કાંઈ નાનું બાળક નથી .' 'પણ બેટી.હું તને તારી સ્કુલની બુક વાંચતા કે સ્ટડી કરતા જોતી જ નથી.' ' મૉમ, પ્લીઝ લીવ..( મમ્મી, તું જતી રહે..).કહી બુમાબુમ કરવા લાગી. અંતે કૈલાશબેનને રુમ છોડવો પડ્યો!..'કિરણ, તમે રુચાને બહું લાડકોડમાં બગાડી દીધી છે, એ મારૂં તો કશું માનતી જ નથી. સ્કુલેથી આવી, કોક, ચીપ્સ અને થોડો નાસ્તો લઈ એના રુમમાં ઘુસી જાય છે, પછી એ ફોન પર હોય, કાંતો એના રૂમમાં લાઉડ-મ્યુઝીક મૂકી સાંભળતી હોય . એનો રુમ તો તમે જુઓ..બીગ-મેસ! ઘેર આવી કપડા બદલી ચારે બાજું ફેંકી દે. બધાં ધોવાના કપડાં બેડની નીચ ખોસી દે. કદી સવારના ઉઠી બેડ પણ નથી બનાવતી.' ' કૈલાશ, આ ઉંમર જ એવી છે, એ જલ્સા નહી કરે તો કોણ કરશે? .આપણી એકની એક …. 'હા..આમ જ કહીને તમે બગાડી છે. તમે પુરુષને શું ખબર પડે? એક દિવસ, એના રૂમમાંથી મેં બર્થ-કન્ટ્રોલની ટેબલેટ જોઈ.મેં પુછ્યું: 'બેટી..આ કેમ?' ' મમ્મી, તને કશી આમાં ખબર ના પડે.. હું હવે નાની ગગી નથી રહી! મને મારી જવાબદારીનું ભાન છે. હે..કૈલાશ શું કહે છે? મારે તેની સાથે વાત કરવી પડશે!

"બેટી! આ વખતે તું ત્રણ સબ્જેક્ટમાં ફેઈલ થઈ છો.આ ભણવાની ઉંમર છે ભણવામાં ધ્યાન આપ.." કિરણે શાંતીથી સમજાવતા કહ્યું.. ' ડેડ, 'તમે પણ બદલાઈ ગયાં છો.. સબ્જેકટ અઘરાં હોય તો હું શું કરૂં? તમે મને કેમ બ્લેઈમ કરો છો? તમે મને કદી સમજી નથી શકવાના! ઘરમાં બધા મારી અગેઈન્સ(agains)માં છે.' રુચા ગુસ્સે થઈ બોલી.. 'બેટી, અમે તારા સારા માટે કહીએ છીએ..તું..' એ આગળ બોલે તે પહેલાંજ રુચાએ ધડાંક દઈ જોરથી પોતાનો રુમ બંદ કરી દીધો. અઠવાદીયાબાદ એના રૂમમાં એક ચિઠ્ઠી છોડી જતી રહીં

'મૉમ, ડેડ, હવે હું અઢાર વર્ષની થઈ ગઈ છું અને મને મારું જીવન સ્વતંત્ર રીતે જીવવું છે, નહી કે તમારી ગુલામીમાં! હું મારી બેનપણી એન્જલા સાથે રૂમ-પાર્ટનર તરીકે સાથે રહેવા જાવ છું.મારી કોઈ ચિંતા કરશો નહીં.-રુચા.

કૈલાશ અને કિરણભાઈ તો અવાક થઈ ગયાં હવે ક્યાં શોધવી? બે-ત્રણ દિવસ પછી પત્તો મળ્યો, ઘણી સમજાવી પણ એકની બે ના થઈ! વીલા મોં એ પતિ-પત્નિ ઘેર પાછા ફર્યા!

'રુચા, આ ગ્રોસરી સ્ટોરમાં જોબ કરવાથી કશું કમાતા નથી..જો તું પણ સારો ડાન્સ કરે છે.અને હું પણ. ચાલ આપણે નાઈટ-ક્લબમાં …' હો..યા' I am ready.. makes some good money!! wow! good ideas..( કિમિયો સારો છે, પૈસા પણ સારા બનશે.. હું તો તૈયાર છું)..નાઈટ-કલબની ધુમ કમાણી, પૈસો વધ્યો, મોજશોખ વધ્યાં…એક્સ્પેન્સીવ કાર લીધી..ખર્ચ વધી ગયો..નાઈટ-ક્લબના પાછલા ડોર પરથી જતો રસ્તો બહુંજ ખતરનાક હોય છે. 'hay babby! do you want to go with me? 2000 per night!( મારી સાથે નાઈટ સ્પેન્ટ કરીશ? એક નાઈટના ૨૦૦૦ ડોલર).."હે..રુચા!વિચાર ખોટો નથી! એન્જલાબોલી. 'આ એપાર્ટમેન્ટમાં રહી કંટાળી ગયાં છીએ. મોટું ઘર લેવું હોય તો આ સારામાં સારો રસ્તો! easy money! અહીં તો પૈસાની નદીઓ વહે છે! એક-નાઈટ..કરતાં કરતાં અનેક-નાઈટ્સ અજાણાં પુરુષના બાહુપાસમાં! મોટું કિમતી ઘર લીધું, એક્સ્પેન્સીવ ફર્નિચર આવ્યું, આલિશાન સ્વીમીંગ પુલ.."એન્જલા, આજે આપણે ઘણાંજ સુખી છીએ..આપણે જે ઈચ્છીએ છીએ તે મળી રહે છે..' "હા, યાર.. અહી જિંદગી ગુલાબી છે, સુંદર છે!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

રુચાને એક-દિવસ ઝાડા, ઉલ્ટી અને તાવના હુમલામાં હોસ્પિટલમાં ઈમરજન્સીમાં લઈ જવામાં આવી..બે-ત્રણ દિવસ કશો ફેર ના પડ્યો..ડોકરટર એક પછી એક નવા, નવા મેડીકલ ટેસ્ટ કરવા લાગ્યા..રુચાને તમે શું જોબ કરો છો? એવા પ્રાઈવેટ સવાલો પણ પુછાયા! અને એના આધારે ડોકટરે સ્પેસીયલ બ્લડ ટેસ્ટ કર્યા…'મીસ રુચા, I am sorry to let you know that your blood test came possitive for aids test.( મને જાણ કરતાં દુ:ખ થાય છે કે તમને "એઈડ્સ" થયો છે). સાંભળતાંજ રુચા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી….May be , you have six months to live ( કદાચ, છ મહિના માંડ જીવી શકો)..ડોકટરે ઉમેરતા કહ્યું:..તમે બહુંજ મોડા પડ્યા છો..આ રોગ આખા શરીરમાં ફેલાઈ ગયો છે.' 'Thank you doc.' રુચા માંડ માંડ બોલી શકી..ડોકટર: "You welcome " કહી બીજા દર્દીને તપાસવા જતા રહ્યાં…રુચા એકલી એકલી વિચારોના તોફાને ચડી!

"મમ્મી, ડેડી..મને માફ કરજો. છતી આંખે હું જ અંધ હતી. રંગીન દુનિયાના ચળકળાટના પ્રકાશમાં મારી આંખ અંજાઈ ગઈ. કોને દોષિત ઠરાવું? મારી જાતને? સમાજને..કોને..કોને? વિચારતા વિચારતાંજ આંખ બીડાઈ ગઈ!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.